| | | | |
|---|---|---|---|
| GJBT020059012023 | सत्यमेव जयते | રજૂ તારીખ | ૨૧-૧૨-૨૦૨૩ |
| | | દાખલ તારીખ | ૨૧-૧૨-૨૦૨૩ |
| | | ફેંસલ તારીખ | ૨૭-૦૪-૨૦૨૬ |
| | | અવધિઃ- વર્ષ - માસ - દિવસ<br>____ ____ ____ | |

**ફોજદારી કેસ નંબરઃ-૪૪૭૫/૨૦૨૩**
**આંકઃ-**

**(નમુનોઃ- અ)**

| **મહે.બોટાદના અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમા, મુ. બોટાદ, જિ.બોટાદ** | | |
|---|---|---|
| **ચૂકાદાની તારીખ** | - | ૨૭/૦૪/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | - | ૪૪૭૫/૨૦૨૩ |
| **પોલીસ સ્ટેશન/**<br>**એફઆઈઆર નંબર** | -<br>- | બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન.<br>ગુના રજીસ્ટર નંબરઃ-૧૧૩૫/૨૦૨૩ |
| **ગુનો** | - | ઇ.પી.કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ |

| | | | |
|---|---|---|---|
| **ફરિયાદી** | - | સરકારશ્રી, | |
| **વિ.એ.પી.પી.શ્રી** | - | ડો.આર.આર.જાની | |
| **આરોપીઓ** | - | (૧)<br>(૨) | **કૈલાશબેન ચમનભાઇ ચૌહાણ,**<br>**હિતેશ ઉર્ફે હીરેન ચમનભાઇ ચૌહાણ,**<br>રહે.બંને-બોટાદ, ઢાંકણીયા રોડ, મારૂતીનગર-૧, તા.જિ.બોટાદ. |
| **આરોપીઓના વિ.વ.શ્રી** | - | | પી.જી.ઝાંઝરૂકીયા (એલ.એ.ડી.સી.) |

**(નમુનોઃ- બ)**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | - | ૦૧ /૦૮ /૨૦૨૩ |
| **ફરિયાદની તારીખ** | - | ૦૧ /૦૮ /૨૦૨૩ |
| **ચાર્જશીટની તારીખ** | - | ૨૧ / ૧૨ /૨૦૨૩ |
| **ચાર્જફ્રેમ તારીખ** | - | ૦૯ / ૦૪ /૨૦૨૪ |

| | | |
|---|---|---|
| **પુરાવો શરૂ થયાની તારીખ** | - | ૦૮ / ૦૮ /૨૦૨૪ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | - | ૨૭/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | - | ૨૭/૦૪/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | - | – |

**આરોપીઓની વિગત**

| અ. નં. | આરોપીઓનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | તકસીરવાન / નિર્દોષ | સજા | ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | કૈલાશબેન ચમનભાઇ ચૌહાણ | ૦૭/૦૮/૨૩ | ૦૭/૦૮/૨૩ | ઈન્ડિયન પીનલ કોડની કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી એક્ટ કલમ-૧૩૫ | | | |
| ૦૨ | હિતેશ ઉર્ફે હીરિન ચમનભાઇ ચૌહાણ | " | " | | | | |

**(નમુનોઃ- ક)**

**ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ**

**(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ-**

| અનુ.નં. | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | **૧૦** | સુરેશભાઇ પોપટભાઇ ખાંદળાની જુબાની | **ફરિયાદી** |
| ૨ | **૧૪** | આશાબેન ગણપતભાઇ ચુનારાની જુબાની | **સાહેદ** |
| ૩ | **૧૫** | હિતેશભાઇ ત્રીભુવનભાઇ કણજરીયાની જુબાની | **પંચ** |
| ૪ | **૧૭** | અલ્પેશભાઇ મનજીભાઇ મકવાણાની જુબાની | **પંચ** |
| ૫ | **૧૯** | નયનાબેન ગૌતમભાઇ મકવાણાની જુબાની. | **સાહેદ** |
| ૬ | **૨૦** | જસુબેન કાંતીભાઇ ડાભીની જુબાની. | **સાહેદ** |
| ૭ | **૨૧** | અજયભાઇ કાંતીભાઇ ડાભીની જુબાની. | **સાહેદ** |
| ૮ | **૨૨** | લખમણભાઇ ઘનશ્યામભાઇ ચૌહાણની જુબાની. | **પંચ** |
| ૯ | **૨૪** | દશરથભાઇ બોઘાભાઇ મકવાણાની જુબાની. | **પંચ** |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | **૨૫** | ડો.કવિતા બાબુલાલ ચૌહાણની જુબાની | **મેડિકલ ઓફીસર** |
| ૧૧ | **૨૮** | હેમુભાઇ ધનજીભાઇ ચૌહાણની જુબાની | **સાહેદ** |
| ૧૨ | **૨૯** | યોગેશભાઇ શંકરભાઇ દલવાડીની જુબાની | **સરકારી સાહેદ** |
| ૧૩ | **૩૨** | ચાપરાજભાઇ ભીખુભાઇ ચાવડાની જુબાની | **ત.ક.અ.** |

**ફરિયાદપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત**

**(એ) ફરિયાદપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજઃ–**

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | **૧૧** | ફરિયાદીની ખરીનકલ. |
| ૨ | **૧૨** | અસલ મેડિકલ સર્ટિફિકેટ. |
| ૩ | **૧૬** | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ. |
| ૪ | **૨૩** | આરોપી અટક તથા હથિયાર કબજે કર્યા પંચનામાની ખરીનકલ. |
| ૫ | **૨૬** | સારવાર પ્રમાણપત્રની ખરીનકલ. |
| ૬ | **૩૦** | હથિયારબંધીનું જાહેરનામું |
| ૭ | **૩૧** | જાહેરનામાની દરખાસ્ત |

**ઠ રા વ**

**૧)** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરિયાદીએ પોતાની પત્નીને આરોપી નં.૧ સાથે નહીં બોલવાનું જણાવતા આરોપી નં.૧ તથા આરોપી નં.૨ પોતાના હાથમાં લાકડી લઇ આવી ફરિયાદીને જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો આપતા જેની ફરિયાદીએ ના પાડતા આરોપી નં.૧ એ લાકડી વડે ફરિયાદીના જમણા પગ ઉપર તથા આરોપી નં.૨ એ લાકડી વડે ફરિયાદીના મોઢા ઉપર ડાબી બાજુ આંખથી ઉપર નેણ ઉપર તથા જમણા હાથના કાંડાની ઉપર મારી ઇજાઓ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, મ્હે.જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે.

**૨)** ઉપરોક્ત હકિકતે આ કામના ફરિયાદીએ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા, પોલીસે ગુના રજીસ્ટર નંબરઃ–૧૧૩૫/૨૦૨૩, ઇ.પી.કોડની કલમઃ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોય ઇ.પી.કોડની કલમઃ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરેલ છે.

**૩)** આ કામે આરોપીઓ જામીન ઉપર મુક્ત થયેલા હોય તેમને સમન્સ બજતાં હાજર થયેલા, ત્યારબાદ તેમને પોલીસ પેપર્સની નકલો ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૦૭ મુજબ મળી ગયાની ખાત્રી કર્યા બાદ ગુના સબંધી, આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી, તે લગત આરોપીઓની જુબાની આંક–૦૬ થી આંક–૦૭ સુધી થી જુબાની રેકર્ડ કરવામાં આવેલી છે જેમાં આરોપીએ ગુન્હો કબૂલ ન હોવાનું જણાવતાં આ કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ શરૂ કરવામાં આવેલ છે.

**૪)** **ફરિયાદી તરફે રજૂ થયેલ પુરાવો** ઉપર નમુના "ક" માં જણાવેલ છે, તેથી તેની પુનઃઉક્તિ કરેલી નથી.

**૫)** એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદપક્ષનો પુરાવો મૌખિક રીતે પુર્ણ થયેલાનું જાહેર કરેલ ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેતાં તેઓ જણાવે છે કે, **"અમો નિર્દોષ છીએ, અમોએ હથિયાર ધારણ કરી કોઇ માર મારેલ નથી, ભુંડાબોલી ગાળો કે ધમકી આપેલ નથી, રાગદ્વેશ રાખી ખોટી ફરિયાદ કરેલ છે અને પુરતો પુરાવો ન હોવા છતાં નામદાર કોર્ટમાં ખોટું ચાર્જશીટ કરેલ છે. "**

**૬)** ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી આર.આર.જાનીની તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી પી.જી.ઝાંઝરૂકીયાની મૌખિક દલીલો સાંભળી તથા આ કામનો પુરાવો વંચાણે લીધો.

**૭)** આ કામે સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –: મુદ્દાઓ :–

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એવું પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીએ પોતાની પત્નીને આરોપી નં.૧ સાથે નહીં બોલવાનું જણાવતા આરોપી નં.૧ તથા આરોપી નં.૨ પોતાના હાથમાં લાકડી લઇ આવી ફરિયાદીને જેમફાવે તેમ ભુંડાબોલી ગાળો આપતા જેની ફરિયાદીએ ના પાડતા આરોપી નં.૧ એ લાકડી વડે ફરિયાદીના જમણા પગ ઉપર તથા આરોપી નં.૨ એ લાકડી વડે ફરિયાદીના મોઢા ઉપર ડાબી બાજુ આંખથી ઉપર નેણ ઉપર તથા જમણા હાથના કાંડાની ઉપર મારી ઇજાઓ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ એકબીજાને મદદગારી કરી,

મ્હે.જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ઇ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૮) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

**–: નિ ર્ણ યો :–**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૯) ઉપરોક્ત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.૨ :–**
**ફરિયાદીનો પુરાવોઃ–**

**૧૦)** સામાન્ય રીતે ક્રિમીનલ કાર્યવાહીમાં ગુના અંગેની કાર્યવાહી ચાલતી હોય ત્યારે ફરીયાદપક્ષે દોષસિધ્ધી નિ:શંકપણે સાબીત કરવાની હોય છે અને જયારે સાંયોગીક પુરાવો હોય ત્યારે ફરીયાદપક્ષે આ ગુના અંગેની સાંકળતી કડી સ્પષ્ટ રીતે સાબીત કરવી જોઈએ ત્યારે આરોપીઓ વિરુધ્ધ દોષસિધ્ધી સાબીત માની શકાય.

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તેમની મૌખીક રજુઆતમાં જણાવે છે કે, ફરીયાદી પોતાની ફરીયાદમાં અને આંક–૧૦ વાળી જુબાનીમાં જે હકકીત જણાવે છે તે મુજબ આરોપીઓએ તેમના પાડોશી સામે બોલવા જેવી બાબતમાં ફરીયાદી તથા સાહેદને માર મારી ઈજા કરેલ છે અને ઉકત હકીકત ફરીયાદીની જુબાનીમાં સ્પષ્ટપણે સાબીત થયેલ છે અને ફરીયાદી ધ્વારા તે અં ગેની સારવાર લીધેલ છે અને મેડીકલ ઓફીસરના પુરાવાથી તેને સમર્થન મળે છે ત્યારે ફરીયાદીની જુબાનીમાં ફરીયાદ અંગેની હકીકતો સ્પષ્ટપણે સાબીત થયેલ છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી તેમની મૌખીક રજુઆતમાં જણાવે છે કે, ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવ ઘર આગળ બનેલ છે તેવી હકીકત જણાવે છે પરંતુ ફરીયાદી એ હકીકત સ્વીકારે છે કે બનાવ જાહેર સ્થળે બનેલ ત્યારે હાલના ફરીયાદી વિરુધ્ધ પણ આરોપી કૈલાશબેને ફરીયાદ કરેલ છે જે હકીકત

પોતે સ્વીકારે છે ત્યારે તેનાથી બચવા માટે હાલની ફરીયાદ કરેલ છે તેવી હકીકત જણાઈ આવતી હોય અને ફરીયાદી વડોદરીયા હોસ્પિટલમાં સારવાર લીધેલ હોય તે અંગેનું સારવાર સર્ટી. પણ રજુ કરેલ ન હોય ફરીયાદી તેમની ફરીયાદ અને સરતપાસમાં વિરુધ્ધની હકીકત જણાવતા હોય આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ મુજબની હકીકત સાબીત કરતા ન હોય આરોપીઓને નિર્દોષ મુકત જાહેર કરવા માટે રજુઆત કરેલ છે.

આમ બંને પક્ષકારોની રજુઆતો સાંભળી. આ કામે પ્રથમ તો ફરીયાદીની આંક-૧૦ થી સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે જેમાં ફરીયાદી ૯ વાગ્યા આસપાસ ઘરની બહાર બજારમાં તેઓ અને તેમની પત્ની વાતો કરતા હતા ત્યારે કૈલાસબેન અને તેમનો દીકરો લાકડી લઈ આવી ઈજા કરેલ છે તેવી હકીકત જણાવે છે. આમ ફરીયાદીની આંક-૧૧ વાળી ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો બનાવ અંગેની જે હકીકત જણાવે છે તે અગાઉ હાલના ફરીયાદી અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલ તે હકીકત ફરીયાદી સ્વીકારે છે એટલે કે જે ફરીયાદ થયેલ તે ઉપરાંત અન્ય ફરીયાદ થયેલ છે. આમ, ફરીયાદીને પ્રથમ આરોપીએ મારેલ કે હાલના ફરીયાદીએ તેમજ સાહેદોએ આરોપીઓને માર મારી ઈજા કરી ફરીયાદ કરેલ તે હકીકત શંકા ઉપજાવે છે. વધુમાં ફરીયાદીને ઈજા થતા તેઓ સોનાવાલા હોસ્પિટલમાં ગયેલ પરંતુ ફરીયાદીની જુબાનીમાં આંક-૧૨ થી થી મેડીકલ સર્ટી. ધ્યાને લેતા તે વડોદરીયા હોસ્પિટલ, બોટાદ ખાતેનું છે અને તેઓએ તપાસ કરનારને વડોદરીયા હોસ્પિટલનું મેડીકલ સારવાર સર્ટી. આપેલ નથી ત્યારે આંક-૧૨ વાળા મેડીકલ સર્ટી.માં આ અંગેની કોઈ હીસ્ટ્રી કે કયા આરોપીએ ફરીયાદીને કયા હથિયારથી મારેલ તેવી કોઈ હકીકત જણાતી ન હોય ત્યારે જે ઈજા થયેલ છે તે આરોપીઓએ કરેલ છે તે હકીકત ફરીયાદપક્ષ સાબીત કરતા નથી.

**<u>સાહેદોનો પુરાવોઃ-</u>**

**૧૧)** વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૪ થી સાહેદ આશાબેન ગણપતભાઈ ચુનારા તથા આંક-૧૯ થી સાહેદ નયનાબેન ગૌતમભાઈ મકવાણા તથા આંક-૨૮ થી સાહેદ હેમુભાઈ ધનજીભાઈ ચૌહાણ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓની જુબાની વંચાણે લીધી. ઉપરોકત સાહેદોનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓ બનાવ અંગેની કોઈ હકીકત જાણતા નથી અને તેઓને નીવેદન બાબતે પોલીસને મળવાનું થયેલ નથી અને સાહેદોએ બનાવ નજરોનજર જોએલ હોય તેવી હકીકત

જણાતી ન હોય ત્યારે બનાવ અંગેની કોઈ હકીકત સાહેદોની જુબાનીમાંથી બહાર આવતી નથી ત્યારે ફરીયાદ મુજબના બનાવમાં આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને માર મારી ઈજા કરેલ છે તેવી હકીકત સાબીત થતી નથી.

વધુમાં ફરિયાદપક્ષે આંક-૨૦ થી સાહેદ જસુબેન કાંતીભાઈ ડાબીનાઓની સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે જેમાં તેઓને ફરીયાદીનો ફોન આવતા બનાવ સ્થળે પહોંચેલ ત્યારે હાલનો બનાવ બનેલ હતો તેવી હકીકત જણાવે છે એટલે કે સાહેદ ધ્વારા બનાવ વખતે હાજર ન હતા પરંતુ તેઓને ફોન કરી બોલાવેલ અને જો તેઓ બનાવ સ્થળે હાજર હોય તો બનાવ કયા કારણને લીધે બનેલ તે હકીકત તેઓ જણાવી શકયા હોય તેમજ પોલીસેને નીવેદન આપેલ તેનો ઈન્કાર કરેલ છે અને ફરીયાદી અને આરોપીઓ વચ્ચે મનદુખ ચાલે છે તેવી હકીકત જણાવે છે ત્યારે સાહેદ બનાવની હકીકત જાણતા નથી.

વધુમાં આંક-૨૧ થી સાહેદ અજયભાઈ કાંતીભાઈ ડાભીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓના મામા એટલે કે ફરીયાદી સુરેશભાઈનો ફોન આવતા ફરીયાદી સ્થળે ગયેલ અને તેમ કહી બનાવને સમર્થન આપવાની કોશીશ કરતા જણાય છે પરંતુ ઉલટતપાસમાં બનાવ અંગેની તારીખ ચોકકસ જણાવતા નથી અને તેમના ઘરથી ફરીયાદીનું ઘર અડધો કીલોમીટર દુર છે તેમજ હાલનો બનાવ જાહેર જગ્યાએ બનેલાનો સ્વીકાર કરે છે અને બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલ છે તેમજ ફરીયાદી અને આરોપીઓ વચ્ચે ઘણા સમયથી મનદુખ ચાલે છે તેવી હકીકત જણાવે છે ત્યારે ફરીયાદ તેઓએ આપેલ હોય તો આ અંગેની કોઈ હકીકત કે ફરીયાદ રજુ રાખેલ નથી જયારે કે ફરીયાદીની ફરીયાદમાં બનાવ સ્થળે કોઈ હાજર હતું કે કેમ તે હકીકત જણાવતા નથી ત્યારે સાહેદે બનાવ નજરોનજર જોએલ હોય તેવી હકીકત જણાતી નથી.

આમ, ફરિયાદપક્ષ દ્ધારા જે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓએ બનાવની હકિકતવાળી ફરિયાદ મુજબ આરોપીઓએ હથિયાર ધારણ કરી ફરિયાદીને માર મારેલાની તેમજ ઉલટતપાસમાં ધમકી આપેલ હોય તેવું સાહેદોએ નજરે જોયેલ નથી ત્યારે આંક-૧૧ વાળી ફરિયાદને ઉપરોક્ત તમામ સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી તેમજ વિરૂદ્ધની હકિકતો જણાવતા હોય જેથી ફરિયાદને સમર્થન આપે છે તેમ કહી શકાય નહીં.

**<u>પંચનો પુરાવોઃ</u>-**

**૧૨)** ફરિયાદપક્ષે આંક–૧૫ થી પંચ હીતેશભાઈ ત્રીભુવનભાઈ કણઝરીયા તથા આંક–૧૭ થી પંચ અલ્પેશભાઈ મનજીભાઈ મકવાણાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૬ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામામાં સહી કરેલાની હકિકત જણાવે છે તે સિવાય બનાવ વિશે કોઈ હકીકત જાણતા નથી.

વધુમાં આંક–૨૨ થી પંચ લખમણભાઈ ઘનશયામભાઈ ચૌહાણ તથા આંક–૨૪ થી પંચ દશરથભાઈ બોઘાભાઈ મકવાણાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૩ વાળા આરોપીઓના અટક પંચનામાં તેઓએ સહી કરેલ છે તે સિવાય પંચનામામાં શું લખેલ તે હકીકતનો ઈન્કાર કરેલ છે ત્યારે આંક–૨૩ વાળા પંચનામાની કાર્યવાહી તેમની રૂબરૂમાં થયેલ છે તેવી હકીકત સાબીત થતી નથી.

આમ, આ કામે ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા પંચનામાના પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. તેથી આ કામે રજૂ થયેલ આરોપીના અટક તથા ગુનાવાળી જગ્યાનું પંચનામા પુરવાર થતા નથી ત્યારે આંક–૧૧ વાળી ફરિયાદની હકિકતને કોઇ પણ રીતે સમર્થન મળતું નથી, તેવું આ કોર્ટ માને છે.

**<u>સરકારી સાહેદનો પુરાવોઃ–</u>**

**૧૨)** વધુમાં ફરિયાદપક્ષે આંક–૨૯ થી જાહેરનામાના જાણકાર કલાર્ક યોગશભાઈ શંકરભાઈ દલવાડી ને સોગંદ ઉપર તપાસેલ છે અને તેમની જુબાનીમાં આંક–૩૦ થી જાહેરનામું તથા આંક–૩૧ થી જાહેરનામાની દરખાસ્ત રજૂ રાખેલ છે પરંતુ બનાવ વખતે જાહેરનામું અમલમાં હતું તેમજ જાહેરનામું માત્ર તે બહાર પાડનાર અધિકારીના પુરાવાથી જ સાબિત માની શકાય નહીં અને આવું જાહેરનામું જે તે વિસ્તારમાં દાંડી પીટીને જાહેર જનતામાં બજવણી કરાવેલ છે તેવી હકિકત પણ સાહેદની જુબાનીમાંથી સાબિત થતી ન હોય ત્યારે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના આક્ષેપો સાબિત માની શકાય નહીં.

**<u>મેડિકલ ઓફીસરનો પુરાવોઃ–</u>**

**૧૩)** વધુમાં ફરિયાદપક્ષે ફરિયાદમાંની હકિકત પુરવાર કરવા માટે આંક–૨૫ થી ડો.કવિતા બાબુલાલ ચૌહાણ ની સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની વંચાણે લીધી. તેઓની

જુબાનીમાં ઈજા પામનાર ફરીયાદી તા.૧/૮/૨૩ ના રોજ કલાક ૧૧:૦૦ વાગે આવેલ જયારે ફરીયાદીના કહેવા મુજબ હાલનો બનાવ ૯:૩૦ વાગે બનેલ હોય તો ફરીયાદી વિરુધ્ધ અન્ય બનાવ બનેલ અને તેમાં ઈજા થયેલ હોય તો ફરીયાદી ધ્વારા તે જ દિવસે કલાક અગિયાર વાગ્યા સુધી બીજી કોઈ જગ્યાએ સારવાર કરાવેલ હોય તેવી હકીકત જણાતી નથી જયારે આંક-૧૨ થી ફરીયાદીનં ુવડોદરીયા હોસ્પિટલમાં સારવાર લીધેલ છે અને ત્યાંથી તેઓને રીફર સોનાવાલા હોસ્પિટલમાં કરેલ હોય તેવી હકીકત જણાતી નથી. વધુમાં ફરીયાદીના આંક-૨૬ વાળા સર્ટી.માં બનાવ ૧૦ વાગે બનેલ છે જયારે કે ફરીયાદી તેમની ફરીયાદમાં બનાવ ૯:૩૦ વાગે બનેલ છે તેવી હકીકત જણાવે છે ત્યારે ફરીયાદીએ ઈજા અંગેની સારવાર લીધા વચ્ચે વિરોધાભાસ જોવા મળે છે અને ફરીયાદીને જે ઈજા થયેલ છે તે હાલના બનાવના ભાગરૂપે થયેલ છે તેવી હકીકત સાબીત કરતા થતી નથી.

**<u>તપાસ કરનાર નો પુરાવોઃ-</u>**

**૧૪)** ફરિયાદપક્ષે આંક-૩૨ થી તપાસ કરનાર અમલદાર ચાપરાજભાઈ ભીખુભાઈ ચાવડા ની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ ગુના અંગેની તપાસ મળતા સંભાળી લીધેલ, તપાસના કામે આરોપી અટક તથા હથિયાર કબજે તથા ગુનાવાળી જગ્યા અંગેના પંચનામા કરેલ અને સાહેદોના નિવેદનો લીધેલા, ઈજાપામનારનું સારવાર પ્રમાણપત્ર મેળવી તપાસના કામે સામેલ રાખેલ, હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોય જાહેરનામાની નકલ તપાસના કામે સામેલ રાખેલ અને આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ તેવી હકિકત જણાવે છે. વધુમાં બચાવપક્ષ દ્વારા કરેલી ઉલટતપાસમાં જણાવે છે કે, ફરીયાદીએ સોનાવાલા હોસ્પિટલ સારવાર લીધેલ હોય તેવી હકીકત જણાતી નથી. હાલનો બનાવ જાહેર જગ્યાએ બનેલ છે ત્યારે બનાવ સ્થળેથી સ્વતંત્ર સાહેદો મળી આવવાની શક્યતા હોવા છતાં તેમના નીવેદન નોંધેલ નથી તેમજ સામાસામે ફરીયાદ થયેલ છે તેવી હકીકત તેઓ સ્વીકારે છે ત્યારે આરોપીઓએ હથિયારો ધારણ કરી ફરિયાદીને માર મારી ધમકી આપેલ હોય તેવી હકિકત ફરિયાદી તથા સાહેદોની જુબાનીથી શંકારહિત સાબિત કરેલ ન હોય ત્યારે તપાસ કરનારની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી.

**૧૬)** આ કામે હાલના આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૫૦૪

મુજબના આક્ષેપો હોય ત્યારે જે વ્યકિતનું અપમાન કરવામાં આવેલ હોય તે વ્યકિતનું અપમાન ઈરાદાપુર્વક કરવામાં આવેલ હોવોનું તથા તેવું અપમાન ઉશ્કેરણીજનક હોવું પુરવાર કરવું ફરિયાદપક્ષે જરૂરી છે. ક્યાં શબ્દો વડે ભોગ બનનારનું અપમાન કરવામાં આવેલ તે અસલ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. જો આવા શબ્દો રેકર્ડ પર આવી ન શકે તો ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૫૦૪ ના આક્ષેપો પુરવાર થયેલ માની શકાય શકાય નહીં. વધુમાં નામદાર શ્રીગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઇ બેચરદાસ વણકર અને બીજાઓ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય, ૨૦૦૭(૧) જી.એલ.એચ., ૩૩૭ નાં ચૂકાદામાં ઠરાવ્યું છે કે ભારતીય ફોજદારી ધારાની કલમ-૫૦૪ માં લખ્યા પ્રમાણ અપમાન માત્ર ઈરાદાપુર્વકનું જ નહીં પરંતુ અપમાનિત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઇએ તેમજ તેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવે નહીં ત્યાં સુધી એવું ઠરાવવું શક્ય નથી કે આ પ્રમાણેનો ગુન્હો આચરવામાં આવેલો છે. હાથ ઉપરના કેસમાં ફરિયાદપક્ષ આવો પુરાવો રેકર્ડ પર રજૂ કરી શકેલ નથી.

આ કામે હાલના આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૫૦૬(૨) ના ગુન્હા સંદર્ભે જોઇએ તો ફરિયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓએ બનાવ સમયે ખરેખર ક્યાં ગુન્હાહીત અથવા તો બિભત્સ શબ્દો ઉચ્ચારેલ તે મૌખિક અગર તો લેખિત સ્વરૂપે પણ જણાવેલ નથી. આમ માત્ર ગાળો દીધેલાનો આક્ષે કરવા માત્રથી તેવો ગુન્હો પુરવાર થયેલો ગણી શકાય નહીં તે જ રીતે આરોપીઓએ આપેલ મારી નાખવાની ધમકીની ફરિયાદી કે સાહેદ ઉપર અસર થયેલાની હકિકત પણ પુરવાર થતી નથી. આમ, આ કિસ્સામાં પણ આરોપીએ ખરેખર ઉચ્ચારેલ ગાળોના શબ્દો રેકર્ડ ઉપર લેખિત કે મૌખિક પુરાવા સ્વરૂપે રજૂ થયેલ નથી તથા આરોપીએ આપેલ ગુન્હાહીત ધમકીની કોઇ અસલ ભોગ બનનાર ઉપર થયેલાની હકિકત પણ પુરવાર થતી નથી. જેતી, આરોપીઓને તેમની સામેના ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૫૦૬(૨) મુજબ સજાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ઉપરોક્ત રજૂ થયેલ પુરાવાથી ફરિયાદમાં જણાવેલ હકિકત નિઃશંકપણે સાબિત થયેલ હોવાનું માની શકાય તેમ નથી અને તેથી આરોપીઓએ ફરિયાદી સાથે આવું કોઇ કૃત્ય કરેલ હોય તેમ માની શકાય નહીં.

**૧૭)** આમ, સમગ્ર હકિકતને લક્ષમાં રાખતાં, રજૂ પુરાવા ઉપરથી ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ની હકિકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ જતો હોય મુદ્દા નં.૧ નો જુવાબ નકારમાં ઠરાવવામાં આવે છે. મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: આ ખ રી હુ ક મ :-

**૧.** ભારતીય દંડ સંહિતાની કલમ–૨૪૮(૨) અન્વયે, આરોપી નં.(૧) કૈલાશબેન ચમનભાઇ ચૌહાણ તથા આરોપી નં. (૨) હિતેશ ઉર્ફે હીરેન ચમનભાઇ ચૌહાણ, રહે.બંને–બોટાદ, ઢાંકણીયા રોડ, મારૂતીનગર–૧, તા.જિ.બોટાદનાઓને ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** આ કામે મુદ્દામાલ પાવતી નં.૩૭૩/૨૦૨૩ માં દર્શાવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આરોપીઓએ અગાઉ ટ્રાયલ માટે આપેલા જામીન ખત રદ કરવામાં આવે છે. તેમજ આરોપીઓએ ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂ.૧૦,૦૦૦/–ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ–૨૭/૦૪/૨૦૨૬
મુકામઃ–બોટાદ

(ભાવેશભાઇ ગોવીંદભાઇ સોલંકી)
અધિક જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, બોટાદ
(જજ કોડ–જીજે૦૦૯૭૬)